સંક્ષિપ્ત સમાચાર

રાજપૂતબોરી ગામે સોલાર પ્લાન્ટમાંથી ૩.૭.૬૩ લાખના વાયરની ચોરી

માંડવી: માંડવીના રાજપૂતબોરી ગામની સીમમાં આવેલા શ્રી ગણેશ કોર્પોરેશનના સોલાર પ્લાન્ટમાંથી લાખોની ચોરી થઈ હતી.
મળતી માહિતી મુજબ તા.15 માર્ચ-2026ના સાંજે 6 કલાકથી 16 માર્ચના સવારે 7 કલાક દરમિયાન કોઈ અજાણ્યા તસ્કરોએ પ્લાન્ટના ઇન્વર્ટરમાં લગાવેલા કાળા તથા લાલ-કાળા રંગના ડી.સી. વાયર અંદાજે 12,060 મીટર તથા 9 નંગ હાર્નેસની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરીનો સામાન 7.63 લાખનો હોવાનું અંદાજવામાં આવ્યું છે. આ બનાવ અંગે પ્લાન્ટ એન્જિનિયર ચિંતનકુમાર દિલીપભાઈ પટેલ દ્વારા માંડવી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. હાલ પોલીસ દ્વારા આસપાસના વિસ્તારોનાં સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરો સુધી પહોંચવા પ્રયાસો તેજ બનાવાયા છે. પો.સબ ઇન્સ્પેક્ટર એ.ટી.રાઠવા દ્વારા આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે.

વાવ નજીક મહિલાનું પિકઅપ અડફેટે મોત

કામરેજ: નેશનલ હાઈવે નં. 48 પર વાવ ગામની હદમાં શનિવારે સવારે પિકઅપ અડફેટે મહિલાનું મોત થયું હતું. વાવ ગામનાં રહેવાસી 71 વર્ષીય સૂરજબેન ભાલિયા ઉદ્યોગનગર ખાતે સફાઈ કામ પતાવી પગપાળા ઘરે પરત ફરી રહ્યાં હતાં, ત્યારે પુરપાટ ઝડપે આવતા પિકઅપ ચાલકે તેમને અડફેટે લીધા હતા. માથા અને હાથના ભાગે ગંભીર ઈજાઓ થતાં વૃદ્ધાનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. સ્થાનિકોએ સચિન રહેતા અમે મૂળ એમપીના પિકઅપ ચાલક બાલકૃષ્ણા નાગરને પકડી પોલીસને સોંપ્યો હતો. કામરેજ પોલીસે મૃતકના સંબંધીની ફરિયાદના આધારે ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગેરકાયદે વ્યાજ વટાવનો ધંધો કરતા બે ઇસમ પલસાણા ચાર રસ્તા પાસેથી ઝડપાયા

પલસાણા: પલસાણા પોલીસે લાઇસન્સ વગર ઊંચા વ્યાજે રૂપિયા આપી ધાકધમકી આપતાં બે ઇસમને ઝડપી પાડી જેલભેગા કર્યા છે. ગત તા.૧૯/૩/૨૦૨૬ના રોજ પલસાણા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર બી.ડી. ઝીલરિયાની સૂચના મુજબ સબ ઇન્સ્પેક્ટર એસ.ડી.ગોવાળીયા સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતા. દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પલસાણા ચાર રસ્તા પાસેથી બે શખ્સને પકડી પાડવામાં આવ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં રાહુલભાઇ મેપાભાઇ ગલાણી (ઉ.વ.૨૫) (રહે.,લસકાણા, સુરત) અને વિક્રમભાઇ ગગજીભાઇ ગલાણી (ઉ.વ.૩૧) (રહે.,પુણા ગામ, સુરત)નો સમાવેશ થાય છે. આ આરોપીઓ વિરુદ્ધ ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત અધિનિયમ-૨૦૧૧ અને ભારતીય ન્યાય સહિતા ૨૦૨૩ ની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

બાજીપુરામાં જુગાર રમતા 5 ઇસમ ઝડપાયા

વાલોડ: વાલોડના બાજીપુરામાં રાત્રિ દરમિયાન ચકલી-પોપટનો જુગાર રમતા પાંચ શખ્સને તાપી એલ.સી.બી. પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે બાતમીના આધારે બાજીપુરાના હળપતિવાસમાં દરોડો પાડતાં લાઈટના અજવાળે જુગાર રમતા હિરેનભાઈ કાંતિલાલ ચૌધરી (રહે., વ્યારા, હાલ વાલોડ), ભરતભાઇ કિરીટભાઈ ચૌધરી (રહે., બાજીપુરા), અનિલભાઈ રમણભાઈ ચૌધરી (રહે.,ભુહારી), દિલીપ ભા ઇ મોકેનભાઈ ગામીત (રહે.,બાજીપુરા) અને જયેશભાઇ મહેશભાઇ કોંકણી (રહે.,દેગામા) રંગેહાથ પકડાયા હતા. પોલીસે સ્થળ પરથી રૂ.10,170 રોકડા અને 4 મોબાઈલ ફોન મળી કુલ રૂ.30,170નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાલ વાલોડ પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

પીપોદરામાં કારખાનાને આગ લગાડનાર જેલભેગો

હથોડા: પીપોદરા GIDCમાં આવેલી સાડીની ફેક્ટરીમાં અંગત અદાવત રાખી આગ લગાડનાર પૂર્વ કર્મચારીની કોસંબા પોલીસે ધરપકડ કરી છે. ફેક્ટરીના ભૂતપૂર્વ કર્મચારી જમીલ મોસદ્દી અન્સારીએ અદાવત રાખીને આગ લગાડતાં મોટા પાયે આર્થિક નુકસાન થયું હતું, જે અંગે ફેક્ટરી માલિકે કોસંબા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ બાદ પોલીસે આરોપીને પકડવા માટે પીપોદરા GIDC અને અન્ય વિસ્તારોમાં તપાસ હાથ ધરી હતી. દરમિયાન, પોલીસને બાતમી મળી હતી કે આરોપી પીપોદરા GIDCમાં જ છુપાયો છે. બાતમીના આધારે પોલીસે જે-તે વિસ્તારને કોર્ડન કરીને આરોપીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

આમણીયા ગામમાં વિયર ડેમનું ખાતમુહૂર્ત

વ્યારા: રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઇશ્વરસિંહ પટેલ શનિવારે તાપીના ડોલવણના આમણીયા ખાતે પૂર્ણા નદીમાં નિર્માણ થનાર નવીન વિયરના ભૂમિપૂજન સમારોહમાં હાજરી આપી હતી અને ત્યાર બાદ પાઠકવાડી ગામે અંબિકા નદી પર પ્રગતિ હેઠળના રબર ડેમની મુલાકાત લેવા રવાના થયા હતાં. કાર્યક્રમ દરમિયાન સ્થાનિક ધારાસભ્ય મોહન કોંકણી સહિત ડાંગ જિલ્લાના ધારાસભ્ય વિજય પટેલ તેમજ આસપાસના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ડોલવણમાં પૂર્ણા નદી પર 8 મીટર ઊંચો અને કુલ રૂપિયા 18.55 કરોડોના ખર્ચે તૈયાર થનાર વિયર ડેમનું રાજ્ય સરકારનાં મંત્રી ઇશ્વરસિંહ પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

શેરડીમાં તબેલા માલિક ઉપર ચપ્પુથી હુમલો

પિતરાઈ ભાઈના સાઢુભાઈના દીકરાએ જ જ્ઞાતિબંધુ પર હુમલો કર્યો, ભાવેશ પટેલ વિરુદ્ધ ફરિયાદ

સાયણ: શેરડી ગામના કાકાને લઈને થયેલા ઝઘડામાં પિતરાઈ ભાઈના સાઢુભાઈના દીકરાએ તબેલાના માલિક ઉપર ચપ્પુથી હુમલો કરતાં તબેલાના માલિકને ગંભીર ઈજાઓ પહોંચતાં તેઓ હાલમાં પણ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. આ ઘટના બાબતે બંને પરિવાર વચ્ચે સમાધાન ન થતાં આખરે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

મૂળ મહેસાણાના સામેત્રા ગામના વતની કલ્પેશભાઈ ભગવાનભાઇ પટેલ (ઉ.વ.૪૫) હાલમાં સુરત શહેરમાં પાલનપુર ગામની હદમાં કેનાલ રોડ ઉપર આવેલી નીલકંઠ રેસિડેન્સીના મ.નં.બી-૨૦૧માં રહે છે. તેઓ છેલ્લાં પાંચ વર્ષથી ઓલપાડના શેરડીની સીમમાં કાકાના મોટા દીકરા દિનેશ હિરાભાઇ પટેલ સાથે ભાગીદારીમાં ગાય અને ભેંસનો પશુ તબેલો ચલાવતા હતા. પરંતુ આ બંને પિતરાઈ ભાઈઓ છેલ્લા બે મહિના પૂર્વે તબેલો છૂટો પાડી અલગથી પશુપાલનનો ધંધો કરતા હતા. તેના પિતરાઈ દિનેશભાઇએ તબેલાની દેખરેખ માટે તેના સાઢુભાઇના દીકરા ભાવેશ ઉર્ફે લાલો વિષ્ણુભાઇ પટેલ (મૂળ રહે.,ચવેલી, તા.જિ.પાટણ)ને કામે રાખતાં તે ત્યાં જ રહેતો હતો. ગત તા.૧૫મી માર્ચે રાત્રે શેરડી ગામે રહેતા સી.ડી.કાકા નામનો ઈસમ પશુ તબેલા ઉપર આવ્યો હતો. જેથી કલ્પેશભાઈ એ સી.ડી.કાકાને રાત્રિના સુમારે તબેલા ઉપર આવવાની ના પાડતાં બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આ ઝઘડામાં ભાવેશ પટેલ પણ વચ્ચે પડી પોતાના સંબંધી કલ્પેશભાઈ સાથે ગાળાગાળી અને ઝપાઝપી સાથે લડાઈ-ઝઘડો કરી બબાલ મચાવી હતી.

દરમિયાન રાત્રે ૯ કલાકે ભાવેશ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને કલ્પેશભાઈ ઉપર ચપ્પુથી હુમલો કર્યો હતો. આ હુમલામાં કલ્પેશભાઈને ગંભીર ઈજા થતાં તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા. જેથી તેમને સારવાર અર્થે સુરત શહેરના મોરા ભાગળ ખાતેની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ઈજાગ્રસ્તને સંપૂર્ણ ભાનમાં આવ્યા બાદ હોસ્પિટલના બિછાનેથી આ બબાલની જાણ પોતાના પરિવારને કરી હતી. જો કે, આરોપી ભાવેશ ઈજાગ્રસ્તના પિતરાઈ ભાઈના સાઢુભાઈનો દીકરો હોવાથી સમાજના અગ્રણીઓએ બંને વચ્ચે સમાધાન કરાવવા પ્રયાસ કર્યો હતો. પરંતુ સમાધાનમાં નિષ્ફળતા મળતાં આખરે ઈજાગ્રસ્તના પુત્ર તીર્થ પટેલે ગત તા.૨૦ના રોજ ઓલપાડ પોલીસ મથકમાં આરોપી ભાવેશ વિષ્ણુ પટેલ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બોરીકૂવા ગામે દીપડાએ બે બકરીનો શિકાર કર્યો

કુકરમુંડા: કુકરમુંડાના બોરીકૂવા ગામના જોલાભાઈ રૂબજીભાઈ પાડવીના સરવે નં.50/2ના મકાઈના ખેતરમાં દીપડાએ એક બકરીને ખેંચી જઈ ફાડી ખાધી હતી. જ્યારે બીજી બકરી જે સંતોષભાઈ ઓલ્યાભાઈ વળવીની હોવાનું જાણવા મળ્યું છે, તેને ગળામાં પકડી મોતને ઘાટ ઉતારી હતી. પ્રાથમિક શાળાની નજીક બનેલી આ ઘટનાથી ગ્રામજનો અને બાળકોમાં ભયનો માહોલ છે. વન વિભાગે તાત્કાલિક કાર્યવાહી કરી દીપડાને પાંજરે પૂરવા તજવીજ હાથ ધરી છે. હાલ ખેતરમાં પાંજરું ગોઠવવામાં આવ્યું છે, પરંતુ દીપડો ન પકડાય ત્યાં સુધી સ્થાનિકોમાં ફાળ પડી છે.

બુહારીમાં પૂર્ણા નદી તટે રૂ.13.40 કરોડની પ્રોટેક્શન વોલનું લોકાર્પણ

સરપંચ વનિતાબેન ગામીત અને ઉપસરપંચ સૂરજ દેસાઈના કાર્યકાળમાં વિકાસની વણઝાર

વાલોડ: વાલોડના બુહારી ગામના પુણા નદીના કાંઠે ગુજરાત સરકાર દ્વારા અંદાજે 13.40 કરોડની પ્રોટેક્શન વોલ મંજૂર કરવામાં આવી હતી. જે કામ પૂર્ણ થતા બુહારી ગ્રામ પંચાયત દ્વારા અધૂરી રહેલી પ્રોટેક્શન વોલ માટે ગુજરાત સરકારને રજૂઆત કરવામાં આવી હતી. જેને મંજૂર કરવવામાં આવતા ફેઝ-1 નું લોકાર્પણ અને ફેઝ-2નું ખાતમુર્હત માનવ કલ્યાણ ટ્રસ્ટના પ્રમુખ સત્યજીત દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું.

આટલી મોટી માતબર રકમ બુહારી ગામના અગ્રણી સત્યજીત દેસાઈના સતત અથાક પ્રયત્નોના લીધે તત્કાલીન સિંચાઈ મંત્રી મુકેશભાઈ પટેલ તેમજ ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈના સહયોગથી પ્રોટેક્શન વોલ મંજૂર કરવામાં આવી હતી. જે બુહારી બાપા સીતારામ મઢુલીથી લઈ દેસાઈવાડ, ગોલવાડ, ભંડારીવાડ, વિસ્તાર સુધી બનાવવામાં આવી છે. વર્ષો જૂની સમસ્યા બુહારી ગ્રામ પંચાયતના પ્રયત્નો અને ગુજરાત સરકારના લીધે દૂર થતાં બુહારી ગામના લોકોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. બુહારી ગામના સરપંચ વનિતાબેન ગામીત અને ઉપસરપંચ સૂરજ દેસાઈના કાર્યકાળમાં થયેલા વિકાસનાં કામોથી બુહારી ગામની જનતામાં અનેરો ઉત્સાહ અને ખુશી જેવા મળી રહી છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય તૃપ્તિબેન પટેલ, ગ્રામ પંચાયત સદસ્ય પ્રિયાબેન, જેનીષાબેન, ધર્મિષ્ઠાબેન, અમરભાઈ અને ગામના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

ઝાડેશ્વરથી ગુમ બાળક પનવેલ રેલવે સ્ટેશને જોવા મળ્યો

મિત્ર સાથે વાતો કરતો વિનાયક સીસીટીવી ફૂટેજમાં ટ્રેન પકડતો કેદ થયો

ભરૂચ: ઝાડેશ્વરના ઓસારા રોડ સ્થિત શિવાલિક એવેન્યુ સોસાયટીમાંથી 12 વર્ષીય બાળક ગાયબ થયાનો બનાવ સામે આવ્યો છે. બાળકના પિતા શિવપ્રકાશ દ્વિવેદીએ ભરૂચ સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવી છે.

ઝાડેશ્વર શિવાલિક એવેન્યુ સોસાયટીમાં રહેતા શિવપ્રકાશ ઉમાશંકર દ્વિવેદી ઝઘડિયા GIDCમાં આવેલ કોલ્હર કંપનીમાં નોકરી કરે છે. તેઓ તા.20 માર્ચે નોકરી પરથી પરત ફર્યા બાદ તેમનો નાનો દીકરો વિનાયક ઘરે ન દેખાયો હતો. તેમની પત્નીને પૂછ્યું કે વિનાયક ક્યા છે! તેનો જવાબ મળ્યો કે ઘરેથી અન્ય છોકરા સાથે સોસાયટી પાર્કમાં રમતો હતો, એમ જણાવતાં તેઓ જોવા નીકળ્યા હતા. ત્યારે વિનાયક દેખાયો નથી. સાંજે 7 વાગ્યે ઘરે પરત ફરતાં જ તેમણે દીકરો ન મળતાં પત્નીને પૂછપરછ કરી હતી. ત્યારબાદ સોસાયટી, પાર્ક અને આજુબાજુના વિસ્તારમાં શોધખોળ કરવામાં આવી હતી. વિનાયક સાથે રમતા એક છોકરા આદિત્યે જણાવ્યું હતું કે, વિનાયક "મુંબઈ જાઉં" તેવું બોલતો હતો. આ માહિતીના આધારે પરિવારજનોએ ભરૂચના બસ સ્ટેશન અને રેલવે સ્ટેશન ખાતે તપાસ કરી હતી. રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.4 અને 5 પર લાગેલા CCTV કેમેરામાં વિનાયક સાંજે 7.28 વાગ્યે મુંબઈ તરફ જતી ટ્રેનમાં બેઠેલો જોવા મળ્યો હતો. પિતાને તેમનો પુત્ર ક્યાંક જતો રહ્યો હોય અથવા કોઈ અજાણ્યા શખ્સે તેનું અપહરણ કર્યું હોય એવું અનુમાન લગાવી રહ્યા છે.

પ્રાથમિક તપાસ તેમજ CCTV ફૂટેજ સહિત સૂત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર, વિનાયક શનિવારના રોજ વહેલી સવારે મહારાષ્ટ્રના પનવેલ રેલવે સ્ટેશન અથવા તેની આસપાસના વિસ્તારમાં જોવા મળ્યો હોવાનું જાણવા મળ્યું છે. અંગે પરિવાર અને પરિચિતો દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આથી પિતાએ ભરૂચ સી ડિવિઝનમાં ફરિયાદ આપતાં 12 વર્ષનો બાળક ક્યાંક જતો રહ્યો હોય અથવા કોઈક અજાણ્યો ઈસમ વાલીપણામાંથી અપહરણ કરવાની ઘટના નોંધવામાં આવી છે. આ ઘટનાને પોલીસે ખૂબ જ ગંભીરતાથી લઈ વધુ તપાસ આદરી છે.

ભરૂચ પાલિકાની ચેતવણી, વેરો સમયસર ન ભરો તો 18 ટકા વ્યાજ લાગશે

સરકારના પરિપત્ર મુજબ બાકીદારો સામે દૈનિક દંડનીય કાર્યવાહી કરાશે

ભરૂચ: ભરૂચ નગરપાલિકાએ શહેરની હદમાં આવતી તમામ દુકાનો, વ્યાપારી સંસ્થાઓ અને વ્યવસાયિક એકમો માટે વર્ષ 2025-26નો બાકી વ્યવસાય વેરો તાત્કાલિક ભરવા ફરજિયાત સૂચના જારી કરી છે. સમયસર ચૂકવણી ન કરનારાઓ સામે ભારે વ્યાજ અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

પાલિકા દ્વારા જણાવવામાં આવ્યું છે કે હોટેલ, પ્રાઈવેટ બેંક, શાળા, ક્લાસિસ, કેબલ ઓપરેટર, વીમા એજન્ટ, સોલિસિટર, નોટરી, આર્કિટેક્ટ, એન્જિનિયર, કન્સલ્ટન્ટ, એકાઉન્ટન્ટ, આંગડિયા ફર્મ અને સહકારી મંડળીઓ સહિત તમામ વ્યવસાયિક એકમો આ સૂચના હેઠળ આવરી લેવામાં આવ્યાં છે.

બાકી વેરો ન ભરનારાઓને વાર્ષિક 18 ટકા અને માસિક 1.5 ટકાના દરે વ્યાજ સાથે રકમ ભરવી પડશે. તેમજ 6 ઓક્ટોબર, 2022ના ગુજરાત સરકારના પરિપત્ર મુજબ આવા બાકીદારો સામે દૈનિક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

નગરપાલિકાએ સ્પષ્ટ કર્યું છે કે, જો સમયસર વેરાની ચૂકવણી નહીં કરવામાં આવે તો કોર્ટ મારફતે કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તમામ વેપારીઓ અને સંસ્થાઓને દંડ અને કાયદાકીય પગલાંથી બચવા સમયસર વેરો ભરવા અપીલ કરવામાં આવી છે.

વ્યારામાં આપના કાર્યકર્તાએ ઈદ મુબારકનાં બેનર લગાવતાં બબાલ!

વ્યારા: ગત તા.20-3-2026ના રોજ સાંજના આશરે 6 કલાકે વ્યારા નગરના ઈદગાહની જગ્યા સામે આમ આદમી પાર્ટીના મહામંત્રી ઉવેશ મુલતાની દ્વારા મુસ્લિમ બિરાદરો માટે ઈદની શુભકામના પાઠવતાં બેનરો લગાવવામાં આવ્યાં હતાં. જે બાબતે અઝહર કાઝી નામના શખ્સે ટેલિફોનિક ધમકીઓ આપી હતી. જે બાબતે ઉવેશ મુલતાની દ્વારા સ્થળ પર જઈ બેનર હટાવી દેવાની વાત કરવા જતાં અઝહર કાઝીએ માતા-બહેન ઉપર ગાળ બોલી મારામારી કરી હતી. દરમિયાન સ્ટાર આઈસ ગોળાના કામદાર વચ્ચે છોડાવવા જતાં તેને પણ થપ્પડ મારી દીધી હતી તેમજ આપના આદિવાસી આગેવાન જીમ્મી પટેલ પણ વાતચીત કરી છોડાવવા જતાં તેમના ઉપર પણ ધક્કામુક્કી કરતાં મઝહર કાઝી વિરુદ્ધ આપના બંને કાર્યકર્તાએ વ્યારા પોલીસ મથકે લેખિત ફરિયાદ આપી હતી.

અંત્રોલીમાં બે સંતાનના પિતાનો લોનના હપ્તાના ટેન્શનમાં આપઘાત

કામરેજ: અંત્રોલી ખાતે યુવાને ઘરે રૂમમાં પંખા સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

કામરેજના અંત્રોલી ખાતે થારોલી ફળિયામાં રહેતા અને ઓલપાડના સાંધીએર ગામ રીલાયન્સ ગેસના પોઈન્ટ પર વોચમનની નોકરી કરતા અનિલ અંબુભાઈ વસાવા (ઉં.વ.30) ગુરુવારે રાત્રે નોકરી પર ગયા હતા.

પત્ની અને બાળકો બંને ધોરણપારડી ખાતે સાસરીમાં ગયા હતા. શુક્રવારના રોજ નોકરી પરથી સવારે 7 કલાકે અનિલભાઈ સીધા સાસરે ધોરણપારડી ગયા હતા. ત્યાં પત્નીને ઘરે પાણી છાંટીને આવું છું તેમ કહીને ગયા બાદ પત્નીને લેવા ન આવ્યા ન હતા. સવારે 10 કલાકે પત્નીએ ફોન કરતાં ફોન ન ઉપાડતાં અનિલભાઈના સાળા સાથે પત્ની ઘરે આવીને દરવાજો ખખડાવતાં ન ખોલતાં નકૂચો ખોલીને અંદર રૂમમાં જતાં અનિલભાઈએ રૂમની છત પર લગાવેલા ઈલેક્ટ્રિક પંખા સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જે અંગે કામરેજ પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વધુમાં મરનાર અનિલભાઈએ લગ્ન અગાઉ રૂ.2 લાખની લોન લીધી હતી અને પત્નીની પ્રસૂતિ સમયે પણ રૂ.70 હજારની લોન લીધી હતી.

લોનના હપ્તા ભરવાના બાકી હોવાથી સતત તળાવમાં આવી જતાં આપઘાત કરી લીધો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. મરનાર અનિલને બે સંતાન મિહાન (ઉં.વ.2) અન છ માસનો તન્મય છે.

પલસાણામાં બળાત્કાર કેસનો આરોપી ઝડપાયો

પલસાણા: સુરત ગ્રામ્ય એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડે પલસાણા પોલીસ સ્ટેશનના ૨૦૨૨ના બળાત્કાર અને પોક્સોના ગુનામાં સંડોવાયેલા વોન્ટેડ આરોપી પંકજ ભભૂતી પાંડે (ઉં.વ.32) ને દિલ્હીથી ઝડપી પાડ્યો છે. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે પોલીસે વિનોદનગર સોસાયટીમાં દરોડો પાડી આરોપીને દબોચી લીધો હતો. છેલ્લાં ચાર વર્ષથી ફરાર ડ્રાઈવિંગનો વ્યવસાય કરતો હતો.

ધોળીકૂઈમાં દીપડાનો ગાય પર હુમલો

વાંકલ: માંગરોળના વાંકલ ગામે રહેતા પશુપાલક હરેશ મોદીનું ધોળીકુઈમાં ખેતર આવેલું છે. જ્યાં કોઢાર પાસે બાંધેલી ગાય પર રાત્રે દીપડાએ હુમલો કરતાં ગાયનું મોત થયું હતું.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૬
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો : +(GST)
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

વુલન સ્વેટરો, રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડભગરવાડ, સુરત.

ફીઝીકલ શેર સર્ટીફીકેટ વારસદારનાં નામે ટ્રાન્સફર તથા ખોવાયેલ ડુપ્લીકેટ મેળવવા ડીમેટ કરાવવા 9327312210

ઘરબેઠા તાત્કાલિક LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

નવકાર વોટર પ્રુફિંગ 25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા,ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું કેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (905)

CM PEST CONTROL લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 (906)

કબુતર, મચ્છર જાળી ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

PRESIDENT PEST CONTROL 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 (907)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

હિમાલયા હોલીડેઝ (1) અમરનાથ યાત્રા 1 જુલાઈ Rs: 9999/= (2) અમરનાથ સાથે કાશ્મીર, ગુલમર્ગ, સોનમર્ગ Rs: 20999/= Mo 9825142005/ 9427803273 (902)

ડાકોર, પાવાગઢ ઉજ્જૈન, ઓમકારેશ્વર, વીરપુર સારંગપુર, જલેબી હનુમાન. મહાદેવ ટુર એન્ડ ટ્રાવેલ્સ. 7802062340, 8238872861 (903)

પ્રોપટી વેચવાની છે બેંકને ૯ વર્ષના ભાડા કરારથી આપેલ અને કોર્પોરેટ કંપનીને ૯ વર્ષના ભાડા કરારથી આપેલ જતીન શાહ 9227905111

સ્વપ્ન ટ્રાવેલ્સ પર વર્ષમાં પ્રવેશ રેલ્વે 2x2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, અને 26/05, દિવસ-15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/5, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143, 9898700934, 9712882315

FOR Sell ₹70,000/- ના માસિક ભાડામાં કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લોંગ લીઝ પર આપેલ ઓફિસ પાર્લે પોઈન્ટ મેઈન રોડ પર Dhaval Cyclewala 98980 24032

જૂના જાણીતા રાજુ મોદી કાશ્મીર, વૈષ્ણોદેવી, સોનમર્ગ, ગુલમર્ગ, દૂધપતરી, અમૃતસર, ઉજ્જૈન ઉપડશે 30 માર્ચ, (ફક્ત 8 સીટ બાકી) સુરતથી સુરત- 19,500/-, દિવસ 13, સ્ટાર હોટલ, બ્રેકફાસ્ટ, ડિનર 9374512979 (904)

નોકરી વિષયક

ડિલિવરી બોય જોઈએ છે સરોલી, પર્વતપાટિયા, ગોડાદરા, પુનાગામ નંબર 9725956799

જહાંગીરપુરા મેઈન રોડ ટચ 500 વારની જમીન વેચવાની છે દરેક ધંધા, શો રૂમ તથા કપડાંના શો રૂમ, ટયુશન ક્લાસીસ, હોસ્પિટલ લાયક જગ્યા 9824729100

હોઝિયરીમાં પરચૂરણ કામ માટે માણસ જોઈએ છે. ઉંમર 30 વર્ષ સુધી ભાગળ. 9825776132

ઓફિસ આસિસ્ટન્ટ છોકરાઓ બહારના કામ માટે 3 Posts, ઉંમર 18-25 વર્ષ, ગ્રેજ્યુએટ ટુવ્હીલર જરૂરી, સેલેરી- 15000+ પેટ્રોલ+ એલાઉન્સિસ. Fresher પણ ચાલશે. બાયોડેટા મોકલો અથવા મળો આઈડિયાઝ અનલિમિટેડ. અડાજણ સુરત Mo: 9426807778

મહિધરપુરામાં ટેમ્પો ચલાવવા માટે ડ્રાઈવર જોઈએ છે, પગાર: 20,000/- 9377173151

જોઈએ છે સ્કુલ માટે ભરૂચ કસક માં લેડિઝ સીક્યુરીટી ગાર્ડ. 9374542478

જોઈએ છે અંકલેશ્વર સ્કુલ માટે મેલ સીક્યુરીટી ગાર્ડ ઉંચાઈ 5 ફુટ 10 ઈંચ અને શારી રીતે શસક્ત સંપર્ક 9374542478

માસમાં મેગા સિટીમાં કોર્નરના ખુલ્લા પ્લોટો વેચવાના છે. 125વાર 17લાખ | 110વાર 15લાખ | 80વાર 11લાખ 9377555922 દલાલભાઈઓ આવકાર્ય

ફ્લેટો વેચવાના છે અસલ ઉત્સવપ્રિય સુરતીઓ માટે ખાસ જુની સીવીલ કોર્ટ, બહુમાળી બિલ્ડીંગ પાસેના સૌથી સલામત ખારવા મહોલ્લા, નાનપુરા, સુરત-૧ ખાતે નવા બંધાયેલા 'માસ્તર્સ ડ્રીમસ્કેપ' એપાર્ટમેન્ટમાં વેસુ, અડાજણ, પાલ જેવા સરસ ફ્લેટો મો.૯૮૨૪૧૧૨૮૬૮

મિલ્કત વેચવાની છે

વેચવાનું છે રો. હા. ૧૪૪ વાર મહાલક્ષ્મી મંદીર પાસે અડાજણ ૮૪૮૮૯૮૩૪૨૪ અનીલભાઈ (900)

મોરા (હજીરામાં) લેબર- સુપરવાઈઝરને રહેવાલાયક રૂમવાળું મકાન વેચાણથી આપવાનું છે. 9152556396

નવસારીમાં 2 BHK ફ્લેટ વેચવાનો છે એરૂ ચાર રસ્તા પાસે, એગ્રીક્લચર કોલેજની સામે Contact: 9427633341

વેચવાનું છે પાર્લેપોઈન્ટ 3 BHK Full Furnished Flat વેચવાનો છે M- 9737711103

મિલ્કત લે-વેચ

હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં 756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/